સરદાર સરોવર નર્મદા નિગમ લી.માં કરાર આધારિત કર્મચારી/ અધિકારીઓની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નમક/૧૦૦૩/૧૧૫૨/પાર્ટ ફાઇલ/૧/ન
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૧૨/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ના તા.૧૬/૧૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ નમક/૧૦૦૩/૧૧૫૨/પાર્ટ ફાઇલ/૧/ન.

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગરના તા.૨૮/૦૧/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ સસનનિલી/ પરચ/૨૦૦૪/૪૯/ગ/પાર્ટ-૧/ગ.

(૩) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૨/૦૫/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ નમક/૧૦૦૩/૧૧૫૨/પાર્ટ ફાઇલ/૧/ન.

(૪) સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગરના તા.૦૭/૦૪/૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ સસનનિલી/ પરચ/૨૦૦૪/૨૦૧૫/ગ/પાર્ટ-૧/ગ.

આમુખઃ-

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના સરદાર સરોવર નર્મદા નિગમ લી., માં જુદા જુદા સંવર્ગોમાંકરાર આધારિત ફરજ બજાવતા કર્મચારી/ અધિકારીઓની મુદત લંબાવવાની બાબતની દરખાસ્ત નિગમના તા.૦૭/૦૪/૨૦૧૬ના વંચાણે લીધેલ અનુક્રમ નં.૪ના પત્રથી વિભાગને મળેલ છે. આ દરખાસ્ત મુજબ સરદાર સરોવર નર્મદા નિગમ લી હેઠળ ફરજ બજાવતા જુદા જુદા સંવર્ગના કુલ-૬૭ કર્મચારી/અધિકારીઓની કરાર આધારિત મુદત તા.૦૧/૦૪/૨૦૧૬થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી લંબાવવાની કરવામા આવેલ દરખાસ્તની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમ(૪) સરદાર સરોવર નર્મદા નિગમ લી.ના તા.૦૭/૦૪/૨૦૧૬ના પત્રથી રજૂ કરેલ દરખાસ્ત સાથેના પત્રમાં જણાવ્યા પ્રમાણેના જુદા જુદા સંવર્ગોના કુલ-૬૭ કર્મચારી/ અધિકારીઓને કરાર આધારિત નિમણૂંકની મુદત નીચે દર્શાવેલ શરતોને આધીન લંબાવવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સરદાર સરોવર નર્મદા નિગમ લી. હેઠળના ૬૭-કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારીઓની મુદત તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૩/૨૦૧૯ સુધી લંબાવી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. પરંતુ વહીવટી પ્રક્રિયામાં મહત્મ સમયગાળો પસાર થઇ ગયેલ હોઇ, આ સમયગાળા દરમ્યાન કુલ-૨૮ કરાર આધારિત કર્મચારીઓ વયનિવૃત્ત થઇ ગયેલ છે. તેમને પશ્ચાતવર્તી અસરથી લાભ મળે તે રીતે અને હાલ તા.૦૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ ફરજ બજાવતાં કુલ-૩૯ કરાર આધારિત કર્મચારીઓ મળીને કુલ-૬૭-કર્મચારીઓની કરાર આધારિત જગ્યાઓને તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીની મુદત લંબાવી આપવાની આથી મંજુરી આપવામા આવે છે.

(૨) નિયમિત પગાર ધોરણમાં લાંબો સમય આ રીતે કરારઆધારીત નિમણૂંક વખતો વખત લંબાવવાથી નિગમની પેન્શન લાયેબીલીટી વધે નહીં અને સતત ૧૦ વર્ષથી વધારે સેવાઓના કિસ્સામાં આ કર્મચારીઓ નિગમની કાયમી જવાબદારી ન થઇ જાય તે અંગે પૂરતી તકેદારી સંચાલક મંડળ ધ્વારા રાખવા અને હવે પછી તે અંગે નિમણૂંકની શરતમાં આ બધા જ કર્મચારીઓ ભવિષ્યમાં નિગમમાં કાયમી સમાવેશ કે પેન્શન અંગેની માંગણી કરે નહીં તે અંગે આ ઠરાવ સાથેના બાંહેધરી પત્ર મુજબ બાંહેધરી મેળવવાની શરતે આ નિમણૂંકોની મુદત તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી લંબાવવાનું ઠરાવવામાં આવે છે.

સંવર્ગની વિગતો પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ આ સાથે સામેલ છે. ઉકત કર્મચારી/અધિકારીઓની કરાર આધારિત નિમણૂંક લંબાવવાની ફરી જરૂરિયાત ઉપસ્થિત થાય તેવા પ્રસંગે સમયસર સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

પ્રસ્તુત બાબતે વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૬/૧૨/૨૦૧૯ની નોંધથી મંજૂરી મળેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણઃ પરિશિષ્ટ અને બાંહેધરી પત્ર.

ઉપ સચિવ,(જ.સં.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ,

પ્રતિ,

૧. માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(નર્મદા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. સચિવશ્રી(આર્થિક બાબતો) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવશ્રી (નર્મદા), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. નવા સચિવાલય, ગાંધીનગર.
૮. પગાર અને હિસાબી અધિકારીશ્રી (નર્મદા) ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ બ્લોક નં.૧૨/૭મો માળ સચિવાલય, ગાંધીનગર.
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
૧૦. હિસાબ અને તિજોરી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
૧૧. નિવાસી તપાસણી અધિકારીશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
૧૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૧૩. સેકશન અધિકારીશ્રી, અ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સિલેકટ ફાઇલ ન શાખા.
૧૫. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ

| ક્રમ | સંવર્ગનું નામ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સ્ટેનો. ગ્રેડ-૨ | ૩૪૩૦૦ | ૧૪ |
| ૨ | એકસ.ટેક. | ૨૮૩૦૦ | ૦૧ |
| ૩ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨૪૭૦૦ | ૦૨ |
| ૪ | ટેલી.ઓપરેટર, જુ.કા. | ૧૯૩૦૦ | ૦૧ |
| ૫ | રોનિયો ઓપરેટર | ૧૪૪૦૦ | ૦૧ |
| ૬ | ડ્રાઇવર | ૧૯૩૦૦ | ૪૨ |
| ૭ | પટાવાળા | ૧૪૪૦૦ | ૦૪ |
| ૮ | હમાલ | ૧૪૪૦૦ | ૦૨ |
| | | કુલઃ | ૬૭ |

ઉપ સચિવ,(જ.સં.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ,

Order-2018-Ankit

ન.જ.સં.પા.પુ અને ક.વિભાગના તા.૨૭/ ૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ નમક/૧૦૦૩/૧૧૫૨/પાર્ટ ફાઇલ/૧/ન સાથેનુ જોડાણ

## બાંહેધરીપત્ર

નિગમ કચેરી ખાતે જે તે સમયે કામગીરીની અગત્યતાને ધ્યાને લઇને મારી કરાર આધારિત નિયુકિત કરવામાં આવેલ તથા વખતો વખત આ કરારની મુદત લંબાવેલ છે. હાલમાં પણ હું નિગમમાં કરારના ધોરણે મારી સેવાઓ બજાવી રહયો/રહી છું.

મારા ધ્વારા ભવિષ્યમાં નિગમમાં કાયમી સમાવેશ કરવા તથા પેન્શન અંગેની માંગણી કરવામાં આવશે નહીં એ અંગેની હું આ બાંહેધરી આપું છું.

તારીખઃ

સ્થળઃ ગાંધીનગર.

કર્મચારીની સહી/-

(નામઃ......................................................)

(હોદ્દોઃ......................................................)

Order-2018-Ankit